
# કુરબાની કી ખાલ મસ્જિદ કો હલાલ

## કુરબાની ની ખાલ મસ્જિદ માં આપવી જાઇઝ છે ? તે અંગે નો ફત્વો...




લેખક : મુનાઝિરે એહલેસુન્નત, માહિરે રઝવીયાત

**અલ્લામા અબ્દુસ્સતાર હમદાની "મસરૂફ" (બરકાતી-નૂરી)**

પ્રકાશક :- **મરકઝે અહલે સુન્નત બરકાતે રઝા**

ઈમામ અહમદ રઝા રોડ, પોરબંદર. (ગુજરાત)

**www.Markazahlesunnat.com**

www.Markazahlesunnat.com

# કુરબાની કી ખાલ મસ્જિદ કો હલાલ

**કુરબાની ની ખાલ મસ્જિદ માં આપવી જાઈઝ છે. તે અંગે નો ફત્વો**

સવાલ પુછનાર

જનાબ સાદિક અલાના રઝવી (ભાવનગર)

જવાબ આપનાર

મુનાઝિરે એહલે સુન્નત

**અલ્લામા અ. સત્તાર હામદાણી 'મસ્રૂફ'**

**પોરબંદર**

પ્રકાશક

**મરકઝે એહલે સુન્નત બરકાતે રઝા**

ઈમામ એહમદ રઝા રોડ, પોરબંદર (ગુજરાત)

Designed by : B. S. Graphics, Porbandar. M. 9374 20 6914

www.Markazahlesunnat.com

કિતાબનું નામ : કુરબાની કી ખાલ મસ્જિદ કો હલાલ

લેખક : મુનાઝિરે એહલે સુન્નત
અલ્લામા અબ્દુસ્સતાર હમદાની 'મસરૂફ'

પ્રસ્તાવના : સ્વંય લેખક

પ્રુફ રિડીંગ : હાજી શબ્બીર અ. સત્તાર હામદાણી

સવાલ પુછનાર : હામિએ એહલે સુન્નત
જનાબ સાદિકભાઈ અલાના (ભાવનગર)

પ્રકાશન વર્ષ : ૨૦૦૯ ઈ.સ. (ઓકટોબર)

આવૃતિ : પહેલી

પ્રત : ૧૧૦૦

કિતાબ મેળવવાનું સ્થળ

(૧) મરકઝે એહલે સુન્નત બરકાતે રઝા – પોરબંદર (ગુજરાત)
(૨) કલીમ બુક ડીપો, ખાસ બજાર, અમદાવાદ (ગુજરાત)
(૩) બોમ્બે સ્ટેશનરી માર્ટ, લીબર્ટી રોડ, પોરબંદર (ગુજરાત)



# પ્રસ્તાવના

વર્તમાન યુગના મુનાફિકો નો મુખ્ય આશય ફકત એક જ છે કે સૈકાઓથી મુસ્લિમો જે મઝહબી રસ્મો કે જે મિલ્લતે ઈસ્લામીયાના મહાન બુઝુર્ગો ના આચરણ, કથન અને તેઓની વિશ્વસનીય આધારભૂત કિતાબોના સમર્થનના દ્વારા પુરવારિત છે, તેવી જાઈઝ, મુસ્તહબ બલ્કે સુન્નત ને અનુરૂપ રસ્મો ને પણ મનઘડત ફત્વાઓ દ્વારા ના–જાઈઝ કહીને મુસ્લિમોની એકતા ને ખંડિત કરીને વિવાદના મધપુડા ને છંછેડી ને વિખવાદ ની ઝેરી મધમાખીઓ ના ડંખ દ્વારા મુસ્લિમોની અંદર શત્રુતાના બીજ રોપવા.

તાજેતર માં વહાબીઓની અકકલકુવા (મહારાષ્ટ્ર) ખાતેની અગ્રણી સંસ્થા **"જામિઅહ–અકકલકુવા"** થી પ્રકાશિત ગુજરાતી માસિક **"બયાને–મુસ્તફા"** ના ડીસેમ્બર–૨૦૦૮ અંક ના પેઈજ નં. ૩૫ ઉપર " આધુનિક (Latest) મસાઈલ" ના શિર્ષક હેઠળની કોલમ માં કુરબાની ની ખાલ (ચામડા)ને મસ્જિદ માં આપવી જાઈઝ નથી. તેવો મનઘડત ફત્વો છાપીને નવો–વિવાદ સર્જ્યો છે.

સૈકાઓ થી મુસ્લિમ સમાજની પ્રણાલિકા રહી છે કે કુરબાની ની ખાલ (ચામડું) અથવા તેની રકમ મસ્જિદ ને આપીને મસ્જિદના વહીવટી ખર્ચમાં આર્થિક સહાય કરવી. પરંતૂ વર્તમાન યુગના મુનાફિકો સૈકાઓ થી ચાલી આવતી અને પ્રચલિત પ્રણાલિકા ને હવે અયોગ્ય હોવાનો ઢંગધડા વગરનો ફત્વો ફટકારી રહયા છે. અને તે ફત્વાના સમર્થન માં પોતાના જ વર્ગના મુફ્તી ના ફતાવા સંગ્રહ નો હવાલો આપીને હાસ્યાસ્પદ પુરવાર થઈ રહયા છે.

**દારૂલ ઉલૂમ દેવબંદ** ના સદર મુદર્રિસ **મોલ્વી મેહમૂદુલ હસન દેવબંદી** ના ફતાવા સંગ્રહ **"ફતાવા–મેહમૂદિયા"** ભાગ–૧૭, પેઈજ નં.૪૫૭ નો હવાલો ટાંકીને પોતાના ફત્વાને આધારભૂત પુરવાર કરવાની મિથ્યા ચેષ્ટા આચરવા માં આવી છે.

ગુજરાતના ભાવનગર શહેરમાં સુન્ની મુસ્લિમો દ્વારા **"મસ્જિદે ગૌષીયા"** ની આલીશાન ઈમારતનું કામ ખોરંભે પાડવા ના દ્રષ્ટ આશય થી ભાવનગર ના વહાબીઓ એ વહાબીઓના મુખપત્રક "બયાને મુસ્તફા" (માસિક) ના વર્ણનીય ફત્વાની ઝેરોક્ષ કોપીઓ બનાવી ને તેનું વ્યાપક સંખ્યામાં વિતરણ કરીને ભાવનગર ના મુસ્લિમો ને "મસ્જિદે ગૌષીયા" ને આર્થિક સહાય કરવાથી અટકાવવા એક વ્યવસ્થિત કાવત્રા ના આયોજન સ્વરૂપે ભ્રામક પ્રચાર કર્યો. જેથી ભાવનગરના રહીશ, હામિયે સુન્નત, **જનાબ સાદિકભાઈ અલાના રઝવી** એ આ અંગે ફત્વો પુછેલો અને તરત જ જવાબ લખી મોકલવા લૈખિત અને દૂરવાણી માધ્યમ દ્વારા વિનંતી કરેલી. જેથી તાત્કાલિક તેનો જવાબ આધારભૂત કિતાબોના હવાલાઓ દ્વારા લખીને મોકલી આપ્યો.

તા. ૧૧/૧૨/૨૦૦૮ના રોજ પુછવામા આવેલા સવાલનો જવાબ તા. ૧૨/૧૨/૨૦૦૮ ના રોજ મોકલી આપવામાં આવ્યો અને તે જવાબ જયારે ભાવનગર ના વહાબી આગેવાનો ને બતાવવામાં આવ્યો, તો તેઓના ચેહરા ઝાંખા પડી ગયા અને એવો લૂલો બચાવ કર્યો કે અકકલકુવા ખાતેના અમારા દારૂલ ઉલૂમના આલિમો તેનો જડબાતોડ જવાબ આપશે. અમો આ જવાબ ને ત્યાં ફેકસ (Fax) દ્વારા મોકલી આપીએ છીએ અને તાત્કાલિક તેનો ખુલાસો મંગાવીએ છીએં. આ પ્રમાણે ખોટી ડંફાશ મારી ને હંગામી ધોરણે વાત ટાળી દીધી. પણ દસ (૧૦) મહિના જેટલો લાંબો સમયગાળો પસાર થઈ ગયો છતાં પણ હજુ સુધી ખુલાસો કરવામાં અકકલકુવાની વહાબી સંસ્થાના આલિમો લાચાર પુરવાર થયા છે.

સુન્ની મુસ્લિમોની મઝહબી જાણકારી માં વૃધ્ધિ થવાના આશય થી વર્ણનીય ફત્વો અને તેનો ખંડનાત્મક જવાબ કિતાબ સ્વરૂપે પ્રગટ કરવામાં આવે છે.

**પોરબંદર**
**તા. ૨, શવ્વાલ સ.હિ. ૧૪૩૦**
**પ્રમાણે**
**તા. ૨૨, સપ્ટેમ્બર – ૨૦૦૯**

ખાનકાહે કાદરિયા બરકાતિયા મારેહરા શરીફ
અને ખાનકાહે રઝવીયા નૂરિયા–બરૈલી શરીફ
નો અદના સવાલી
**અ. સત્તાર હમદાની 'મસ્રૂફ'**
(બરકાતી–નૂરી)



ફત્વો પુછનાર :–
**સાદિકભાઈ અલાના, ભાવનગર**
તા. ૧૧/૧૨/૨૦૦૮

**સવાલ :**

શું ફરમાવે છે ઓલોમાએ દીન અને મુફતિયાને શરએ–મતીન આ મસ્અલામાં કે:–

બકરી ઈદના દિવસોમાં જે જાનવરોની કુરબાની કરવામાં આવે છે તેની ખાલ (ચામડું) મસ્જિદમાં આપવુ જાઈઝ છે કે નહી?

અમારા ભાવનગર શહેરમાં અમુક લોકો એવું કહે છે કે કુરબાનીની ખાલ મસ્જિદ માં આપવી જાઈઝ નથી. કેમ કે કુરબાનીનો ચામડો સદકો કરી દેવો વાજીબ છે અને સદકાની હકીકત એ છે કે જેને સદકો આપવામાં આવે છે, તે તેનો માલિક બની જવો જોઈએં.

પોતાની ઉપરોક્ત વાતના સમર્થનમાં તેઓ ફતાવા મહેમૂદીયા ભાગ ૧૭, પેઈજ નં. ૪૫૭નો હવાલો ટાંકે છે અને 'બયાને મુસ્તફા' માસિક્ના ડીસેમ્બર ૨૦૦૮ના અંક્ના પેઈજ નં. ૩૫ ઉપર આ ફત્વો છાપવામાં આવ્યો છે. જેની ઝેરોક્ષ નકલ આ સાથે રજુ છે.

તો આ બાબત આપ સાહેબથી નમ્ર વિનંતી છે કે કુરબાનીની ખાલ મસ્જિદ માં આપવી જાઈઝ છે કે નહી? તે અંગેની સ્પષ્ટતા આધારભૂત કિતાબોના હવાલાથી લખીને તાત્કાલીક જવાબ મોકલી આપી આભારી કરશો.

બસ એજ.
**સાદિકભાઈ અલાના**
**ભાવનગર**



www.Markazahlesunnat.com

www.Markazahlesunnat.com

વહાબીઓની અગ્રણીય સંસ્થા
જામિઅહ-અકકલકુવા (મહારાષ્ટ્ર) દ્વારા
પ્રકાશિત થતા ગુજરાતી માસિક 'બયાને
મુસ્તફા'ના ડીસેમ્બર-૨૦૦૮ના અંકના પેઈજ
નં. ૩૫ ઉપર છાપવામાં આવેલ
લખાણની અક્ષરસ નકલ

વર્તમાન યુગમાં ઉદભવેલા નવીનતમ મસાઈલનો ઉકેલ

## આધુનિક (Latest) મસાઈલ (૬૦)

(મવ.) હુઝયફહ વસ્તાનવી (સા.) (મુદર્રિસઃ જામિઅહ–અકકલકુવા)

### મસ્જિદમાં ચામડા આપવાનો હુકમ

"કુર્બાનીના ચામડાનું વેંચાણ કર્યા પછી જે રકમ કિંમત રૂપે મળે છે, તેનો સદકહ કરી દેવો વાજિબ છે અને સદકહની હકીકત આ છે કે, જેને સદકહ આપવામાં આંવે, તે તેનો માલિક બની જવો જોઈએં. મસ્જિદમાં માલીક બનવાની ક્ષમતા કે શકિત હોતી નથી. આ કારણે કુર્બાની ના ચામડાની રકમ મસ્જિદની તા'મીર તથા ઈમામ, મોઅઝઝીન અને ખાદીમ વગેરેના પગારમાં આપવી જાઈઝ નથી"

(ફતાવા મહમૂદિયાહ ૧૭/૪૫૭)



## અલ જવાબ

બે-ઔનિલ-મલેકિલ-વહાબ

*બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ*

▣ નહમદોહુ-વ-નુસલ્લી-વ-નુસલ્લેમો-અલા-રસૂલેહિલ-કરીમ
▣ સલ્લલ્લાહો તઆલા અલૈહે વસલ્લમ.

બે:શક! કુરબાનીનું ચામડું મસ્જિદમાં આપવુ જાઈઝ છે. ચાહે ચામડું આપી દે અથવા ચામડાની કિંમત આપી દે. બન્ને પ્રકારે મસ્જિદને કુરબાનીનું ચામડુ આપવું નિ:સંદેહ જાઈઝ છે. ઔલીયા, સુલહા અને મિલ્લતે ઈસ્લામીયાના મહાન ઈમામો આ રીતે મસ્જિદ માટે કુરબાનીના ચામડાને જાઈઝ કહેલ છે અને તેના ઉપર અમલ કરેલ અને કરાવેલ છે. આ અંગેની સંક્ષિપ્ત ચર્ચા અને તે અંગેના આધારભૂત અને વિશ્વસનીય કિતાબોના અમુક હવાલાઓ અને તેનો સારાંશ અત્રે રજૂ છે.

ઉપરાંત જે લોકો મસ્જિદને કુરબાનીના ચામડા આપવાની મનાઈ કરી રહયા છે, તે લોકોની નબળી અને પાયા વિનાની દલીલો અને સદકાના અનુસંધાને તેઓની અજ્ઞાનતા અને તેના સંદર્ભમાં કરેલા અનુમાનો અને તેવા અનુમાનો દ્વારા કરેલા આદેશોની ગેરસમજનો ખુલાસો પણ અત્રે રજૂ કરી રહયા છીએં.

કુરબાનીનું ચામડું મસ્જિદ, મદ્રેસા તથા અન્ય ભલાઈના કામે બલ્કે દરેક નેક કામ માટે આપવું જાઈઝ છે. એ વાત હંમેશા યાદ રાખવી ઝરૂરી છે કે નેક કામ માટે કુરબાનીની ખાલ વેંચાણ કરવી જાઈઝ છે અને હદીષ શરીફમાં જે મનાઈ કુરબાનીના ચામડાના વેચાણ અંગે વર્ણન છે તે ફકત તેવા વેંચાણ માટે છે કે કુરબાનીનું ચામડું વેચાણ કરીને તે વેચાણ દ્વારા ઉપજેલી રકમને કુરબાની કરનારો પોતાના અંગત ઉપયોગ અને લાભમાં વાપરે. આ રીતે અંગત લાભ માટે કુરબાનીનું ચામડું વેચાણ કરવાની હદીષમાં અવશ્ય

મનાઈ ફરમાવવામાં આવી છે. પણ સદંતર વેચાણની મનાઈ તો નથી જ.

કુરબાનીનો મૂળ હેતુ નિર્ધારિત દિવસોમાં કુરબાનીને લાયક જાનવરનું લોહી વહેવડાવીને અલ્લાહ તઆલાની ખુશનૂદી હાસિલ કરવાનો છે. જેથી જે વ્યક્તિએ આવા કુરબાન કરેલા જાનવરનું ચામડું વેંચીને આર્થિક લાભ પ્રાપ્ત કર્યો, તેણે કુરબાનીના મૂળહેતૂ પ્રત્યે લક્ષ નથી આપ્યું બલ્કે કુરબાનીના જાનવરના ચામડાના વેંચાણ દ્વારા આર્થિક લાભ લેવાનો પ્રયાસ કર્યો છે.

જેથી જ આવો પ્રયાસ કરનારો શખ્સ શરીઅતની વિરૃધ્ધનું આચરણ કરનારો ગણાશે. તેના ઉપર વાજીબ છે કે આ રીતે આર્થિક લાભ લેવાના આશયથી વેચાણ કરેલા ચામડાની અવેજીમાં મેળવેલી રકમ સદકો કરે અને આ સદકો "સદક–એ– વાજેબા" ના હુકમમાં ગણાશે. ઓલોમા–એ–એહલે સુન્નતનો ફત્વો આ પ્રમાણે જ છે.

▣ એક હવાલો અત્રે રજુ છે...

" لَاْ يَشْتَرِ كُ بِهِ مَاْ لَاْ يَنْتَفِعُ بِهِ إِلَّا بِاسْتِهْلَاكِهِ كَالنَّخْلِ وَالْأَبَازِيْرِ اِعْتِبَاراً بِالْبَيْعِ بِالدَّرَاهِمِ . وَالْمَعْنَى فِيْهِ أَنَّهُ تَصَرُّفٌ عَلَى قَصْدِ التَّمَوُّلِ "

حواله : الهداية مع فتح القدير – مصنف : علامه شيخ الإسلام برهان الدين علي بن أبي بكر مرغيناني المتوفى 593هـ جلد نمبر 9 ص : 533.

**લિપિયાંતર**

**"લા– યશતરી – બેહિ – મા – લા – યન્તફેઓ – બેહિ – ઈલ્લા – બે – ઈસ્તેહલાલેહિ – કન – નહલે – વલ – અબાઝીરે – એતેબારન – બિલ – બયએ – બિદ – દરાહિમે – વલ – મઅના – ફીહે – અન્નહુ – તસર્રુફુન – અલા – કસ્દીત – તમવ્વુલે"**



( <u>હવાલો</u> :– અલ હિદાયા– મઅ– ફતહુલ– કદીર, મુસન્નિફઃ– અલ્લામા શયખુલ ઈસ્લામ બુરહાનુ દ્દીન બિન અબિબક્ર મુરગીનાની, વફાતઃ– સ.હિ. ૫૯૩, જીલ્દનં. ૯, પેઈજ નં. ૫૩૩.)

**અનુવાદ**

"કુરબાનીના ચામડાને એવી વસ્તુથી ન ખરીદે કે જેને નષ્ટ કર્યા વગર તેનો ફાયદો ઉપાડી શકાય નહી, જેમ કે સરકો અથવા અનાજ (કે આ વસ્તુઓનો વપરાશ કર્યા વગર તેનો ફાયદો પ્રાપ્ત નથી થતો) દિરહમથી વેચાણ કરવાની મનાઈનું કારણ પણ એ છે કે તેણે નેક કામની વસ્તુનો પોતાના અંગત લાભ અને આર્થિક પ્રલોભન માટે ઉપયોગ કર્યો"

▣ એક અન્ય હવાલો રજુ છેઃ–

"لَا يَبِيْعُهُ بِالدَّرَاهِمِ لِيُنْفِقَ الدَّرَاهِمَ عَلَى نَفْسِهِ وَعِيَالِهِ . وَالْمَعْنَى أَنَّهُ لَاْ يَتَصَرَّفُ عَلَى قَصْدِ التَّمَوُّلِ "

حواله : مجمع الأنهر في شرح ملتقى الأبحر . مصنف : محقق فقيه عبد الرحمن بن محمد بن سليمان كليبولي المتوفى 1078 هـ جلد نمبر 4 ص : 174 . مطبوعه : دار الكتب العلمية . بيروت . لبنان

**લિપિયાંતર**

**" લા – યબીયોહૂ–બિદ–દરાહિમે–લે–યુન્ફેકદ–દરાહિમા–અલા –નફસેહી– વ– અયાલેહિ– વલ – મઅના – અન્નહુ – લા – યતસર્રફો – અલા – કસદિત – તમવ્વુલે"**

(<u>હવાલો</u> :– મજમઅલ – અન્હર – ફી – શર્હે – મુલ્તકીલ– અબ્હર–મુસન્નિફઃ– મુહક્કિક ફકીહ અબ્દુર્રહમાન બિન મુહમ્મદ બિન સુલેમાન કલીબૂલી, <u>વફાત</u> :– સ.હિ. ૧૦૭૮, જીલ્દ નં. ૪, પેઈજ નં. ૧૭૪, પ્રકાશકઃ– દારૂલ કુતુબ ઈલ્મીયા, બૈરૂત – લેબનાન)



www.Markazahlesunnat.com

www.Markazahlesunnat.com

## અનુવાદ

"દિરહમના બદલા (અવેજી)માં વેચાણ કરવું તેવી પરિસ્થિતીમાં મના છે, કે તે દિરહમો (રૂપિયાઓ)ને પોતાના અને બાલ બચ્ચાઓના ખર્ચના ઉપયોગમાં લે અને તેને જ અંગત આર્થિક લાભ કહેવામાં આવે છે"

▣ આ પ્રમાણેનું વર્ણન ફિકહની આધારભૂત કિતાબો જેવી કે, (૧) દુર્રે મુખ્તાર (૨) બદાયા (૩) કાફી શર્હે વાફી વિગેરેમાં છે.

તમામ આલીમોની આ બાબતમાં સર્વ સંમતિ છે કે કુરબાનીનું ચામડું વેચાણ કરવું સદંતર મના નથી, બલ્કે ફકત અંગત આર્થિક લાભના આશયથી વેચવાની મનાઈ છે અને તેનું કારણ એ છે કે અંગત લાભ માટે વેચાણ કરવાથી કુરબાનીનો આશય (મકસદ) નષ્ટ થઈ જાય છે. હદીષ શરીફમાં તેની સખ્ત મનાઈ ફરમાવવામાં આવી છે.

## હદીષ શરીફ

وَعَنْ عَبْدِ اللهِ بْنِ عَيَّاشٍ الْمَصْرِيِّ، عَنْ عَبْدِ الرَّحْمنِ الْأَعْرَجِ،
عَنْ أَبِيْ هُرَيْرَةَ رَضِيَ اللهُ تَعَالَى عَنْهُ قَالَ : قَالَ رَسُوْلُ اللهِ ﷺ :
"مَنْ بَاعَ جِلْدَ أُضْحِيَّتِهِ فَلَا أُضْحِيَةَ لَهُ".

حواله : المستدرك على الصحيحين ÷ مصنفه : امام حافظ أبو عبد الله محمد بن عبد الله الحاكم النيسابوري المتوفى 405 هـ جلد نمبر 2 . ص : 422 . حديث نمبر 3468 . مطبوعه : دار الكتب العلمية . بيروت . لبنان

## લિપિયાંતર

"વ-અન-અબ્દિલ્લાહ-ઈબ્ને-અયાશ-અલ-મિસ્રી-અન-અબ્દિર્રહમાનિલ-અઅરજે-અન-અબી-હુરૈરા-રદીઅલ્લાહો-અન્હો-કાલા : કાલા-રસૂલુલ્લાહે-સલ્લલ્લાહો-તઆલા-અલૈહે-વસલ્લમા-મન-બાઆ-જિલ્દા-અદહિયતેહી-ફલા-અદહિયતા-લહૂ"



(હવાલો : અલ-મુસ્તદરક-અલસ-સહીહૈન, મુસન્નિફ : ઈમામ હાફિઝ અબૂ અબ્દુલ્લાહ મુહમ્મદ બિન અબ્દુલ્લાહ અલ હાકિમ, અલ નૈસાપૂરી, વફાત : સ.હિ.૪૦૫, જિલ્દ નં.-૨, પેઈજ નં.૪૨૨, હદીષ નં. ૩૪૬૮, પ્રકાશકઃ દારૂલ કુતુબિલ ઈલ્મીયા-બૈરૂત/લબનાન)

## અનુવાદ

"રિવાયત છે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અયાશ મિસરી થી તેઓ રિવાયત કરે છે હઝરત અબ્દુર્રહમાન અઅરજ થી, તેઓ રિવાયત કરે છે હઝરત અબૂ હુરૈરા રદીઅલ્લાહો અન્હો થી કે હુઝૂરે અકદસ અલ્લાહના પ્યારા રસૂલ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ ઈર્શાદ ફરમાવે છે કે જેણે કુરબાનીના જાનવર નું ચામડું વેચાણ કર્યું, તેની કુરબાની થતી નથી.

▣ **હવે આપણે મૂળ સવાલના પ્રત્યુત્તર તરફ આવી રહયા છીએ :-**

ઉપરોક્ત હદીષ શરીફ નો ભાવાર્થ એ છે કે જેણે કુરબાની ના જાનવર નું ચામડું પોતાના અંગત અને આર્થિક લાભ માટે વેચાણ કર્યું અને કુરબાની દ્વારા અલ્લાહ તઆલાની નઝદીકી અને ખુશનુદી પ્રાપ્ત કરવાની બાબત કે જે કુરબાની નો મૂળ આશય છે, તેના પ્રત્યે લક્ષ ન આપ્યું, તેની કુરબાની અદા નથી થતી.

પણ...

કુરબાની ના જાનવર નું ચામડું વેચાણ કરવું સદંતર મના નથી. જો કુરબાની ના ચામડાં ને "સદક-એ-વાજેબા" ની કક્ષા માં જ ગણવામાં આવશે, તો પછી તે ચામડું અંગત ઉપયોગ માં પણ નહીં લઈ શકાય. કેમકે જે વસ્તુ "સદક-એ- વાજેબા" છે, તે સ્વંય પોતાના માટે હરગીઝ ઉપયોગ નહીં કરી શકાય. પણ અહીં ઉલ્ટી પરિસ્થિતી છે. કેમકે કુરબાનીનું ચામડું કુરબાની કરનારો પોતાના અંગત ઉપયોગ માં લઈ શકે છે. એક હવાલો પ્રસ્તૃત છે.

www.Markazahlesunnat.com

## હદીષ શરીફ

"وَلَا بَأْسَ بِأَنْ يَشْتَرِيَ بِهِ مَا يَنْتَفِعُ بِعَيْنِهِ فِي الْبَيْتِ مَعَ بَقَائِهِ"

حواله : الهداية مع فتح القدير —مصنفه : علامه شيخ الإسلام برهان الدين علي بن أبي بكر مرغيناني المتوفى 593هـ جلد نمبر 9 ص : 532

## લિપિયાંતર

" લા-બાસા-બે-અંચ-યશતરી-બેહિ-મા-યન્તફેઓ-બે-અયનેહિ-ફીલ-બયતે-મઆ-બકાએહિ"

( હવાલો : હિદાયા—મઅ—ફત્હુલ—કદીર, મુસન્નિફ, : અલ્લામા શયખુલ ઈસ્લામ બુરહાનુદ્દીન અલી ઈબ્ને અબીબક્ર મુરગીનાની, વફાત : સ. હિ. ૫૯૩, જિલ્દ નં. ૯, પેઈજ નં. ૫૩૨)

## અનુવાદ

"કુરબાનીના ચામડાં થી ઘરેલૂ ઉપયોગ ની વસ્તુઓ બનાવી ને તેનો ઉપયોગ કરી શકાય છે. ઉપરાંત તેવી વસ્તુઓ પણ બનાવી શકાય છે કે જેનું અસ્તિત્વ બાકી રહે (જેમ કે પાણીની ડોલ વિ.)"

ફિકહની આધારભૂત અને વિશ્વસનીય કિતાબ " હિદાયા" ની ઉપરોક્ત ઈબારત દ્વારા પુરવાર થયું કે કુરબાનીના જાનવર ના ચામડાને પોતાના અંગત ઉપયોગ માં લાવી શકાય છે. જેથી પૂરવાર થયું કે કુરબાની ના જાનવર નું ચામડું "સદક—એ—વાજેબા" નથી. બલ્કે કુરબાની નો ગોશ્ત (માંસ) કે જે ચામડાં કરતા પણ વધુ મુલ્યવાન અને મહત્વપૂર્ણ છે, તે ગોશ્ત પણ "સદક—એ—વાજેબા" નથી. બલ્કે "સદક—એ—નાફેલા" છે. જો તે "સદક—એ—વાજેબા હોત તો કુરબાની કરનારો તે ગોશ્ત કેમ ખાઈ શકે ? પૂરવાર થયું કે જયારે કુરબાની નો ગોશ્ત સદક—એ—વાજેબા નથી, તો ચામડું પણ સદક—એ— વાજેબા નથી.

કુરબાની નો ગોશ્ત "સદક—એ—વાજેબા" નથી, જેથી જ કુરબાની કરનારા સ્વંય પોતે પણ તે ખાઈ શકે છે. હદીષ શરીફમાં આ અંગેનો આદેશ મૌજૂદ છે.



## હદીષ શરીફ

حَدَّثَنَا مُسَدَّدٌ حَدَّثَنَا يَزِيدُ بْنُ زُرَيْعٍ حَدَّثَنَا خَالِدٌ الْحَذَّاءُ عَنْ أَبِي الْمَلِيحِ عَنْ نُبَيْشَةَ رَضِيَ اللهُ تَعَالَى عَنْهُ قَالَ : قَالَ رَسُولُ اللهِ ﷺ : إِنَّا كُنَّا نَهَيْنَاكُمْ عَنْ لُحُومِهَا أَنْ تَأْكُلُوهَا فَوْقَ ثَلَاثٍ لِكَيْ تَسَعَكُمْ فَقَدْ جَاءَ اللهُ بِالسَّعَةِ فَكُلُوا وَادَّخِرُوا وَاتَّجِرُوا . أَلَا وَإِنَّ هٰذِهِ الْأَيَّامَ أَيَّامُ أَكْلٍ وَشُرْبٍ وَذِكْرِ اللهِ عَزَّ وَجَلَّ "

حواله : سنن أبي داؤد . تأليف : امام سليمان بن أشعث بن شداد أبي داؤد المتوفى سنة 275 هـ . جلد نمبر 2 . ص : 485 . حديث نمبر : 2815 .

ناشر : جمعية المكنز الإسلامي . قاهرة . مصر

## લિપિયાંતર

"હદ્દષના - મુસદ્દદુન - હદ્દષના - યઝીદુબ્નો - ઝુરયઈન - હદ્દષના - ખાલિદુલ - હઝ્ઝાઓ - અન - અબીલ -મલીહે - અન - નુબયશતા - કાલા - કાલા - રસુલુલ્લાહે - સલ્લલ્લાહો - અલૈહે -વસલ્લમા - ઈન્ના - કુન્ના - નહયનાકુમ - અન - લુહુમેહા - અન - તાકુલૂહા - ફવકા - ષલાષિન - લે - કય - તસઅકુમ - ફ- કદ - જાઅલ્લાહો - બિસ્સઅતે - ફ- કુલૂ - વદદખેરૂ - વત્તજેરૂ ▣ અલા - વ - ઈન્ના - હાઝેહિલ - અય્યામો - અય્યામો - અકલિંવ - વ - શુરબિન - વ - ઝિકરિલ્લાહે - અઝ્ઝા - વ - જલ્લા"

( હવાલો : સુનને અબૂદાઉદ, સંપાદક :— ઈમામ સુલેમાન ઈબ્ને અશઅષ, બિન શદાદ અબી દાઉદ, ઈન્તેકાલ સ.હિ. ૨૭૫, જીલ્દ નં. ૨, સફા નં. ૪૮૫, હદીષ નંબર ૨૮૧૫, પ્રકાશકઃ— જમીઅતુલ મકનિઝુલ ઈસ્લામી, કાહેરા – મિસર)

### અનુવાદ

"હદીષ બયાન કરી અમોને મુસદ્દદે, તેઓ કહે છે કે અમોને હદીષ બયાન કરી યઝીદ ઈબ્ને ઝુરયઈને, તેઓ કહે છે કે અમોને હદીષ બયાન કરી ખાલિદ હઝ્ઝાએ અબીલ મલીહના હવાલાથી અને તેઓ રિવાયત કરે છે નબીશા હઝલી રદીઅલ્લાહો તઆલા અન્હોથી કે હુઝૂર અકદસ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ ઈર્શાદ ફરમાવે છે કે:—

અમોએ તમોને કુરબાનીનો ગોશ્ત ત્રણ (૩) દિવસથી વધુ રાખી મુકવાની મનાઈ કરતા હતા. તેનો આશય મિસ્કીનો (ગરીબો) માટે આસાની હતો. હવે અલ્લાહ તઆલાએ કુશાદગી (સરળતા) અર્પી છે, તો હવે ખાઓ, ભેગું કરો (સાચવો) અને નેક કામોમાં તેનો ઉપયોગ કરો. સાંભળો! આ દિવસો જ ખાવા—પીવાના અને અલ્લાહનો ઝિક્ર કરવાના દિવસો છે."

આ હદીષ માં (૧) ખાવું (૨) સાચવવું અને (૩) નેક કામમાં ખર્ચ કરવાની એટલે કે ઉપયોગ કરવાની સ્પષ્ટ અનૂમતિ છે. પુરવાર થયું કે જ્યારે કુરબાનીના ગોશ્તને ખાવાની, સાચવવાની અને નેક કાર્યોમાં તેનો ઉપયોગ કરવાની પરવાનગી છે, તો ચામડાની બાબતમાં પણ આ હુકમ જ લાગૂ પડશે એટલે કે કુરબાનીના જાનવરનું ચામડુ નેક કામ માટે આપી સકાશે અને મસ્જિદના ઉપયોગ માટે કે મસ્જિદના બાંધકામના ખર્ચમાં સહાયરૂપ થવાના આશયથી કુરબાનીનું ચામડું મસ્જિદને આપવાથી વધીને નેક કામ કયું હોઈ શકે ?

## ▣ શંકાનું નિરાકરણ :

કદાચ કોઈ વ્યકિત મસ્જિદમાં કુરબાનીની ખાલ આપવાનો વિરોધ કરવા માટે અથવા કુરબાનીની ખાલ (ચામડું) મસ્જિદમાં દેવાની મનાઈ છે, તેવું પુરવાર કરવા માટે બુખારી શરીફ અને મુસ્લિમ શરીફમાં હઝરત આએશા સિદ્દીકા રદીઅલ્લાહો તઆલા અન્હો દ્વારા રિવાયત કરવામાં આવેલી આ હદીષ દલીલ સ્વરૂપે રજૂ કરે.



www.Markazahlesunnat.com

### લિપિયાંતર

عَنْ أُمِّ الْمُؤْمِنِيْنَ الصِّدِّيْقَةَ رَضِيَ اللهُ تَعَالَى عَنْهَا قوله
ﷺ : " فَكُلُوْا وَادَّخِرُوْا وَتَصَدَّقُوْا "

حواله : صحيح مسلم شريف . كتاب الأضاحي . جلد 2 . ص:158 .

ناشر : قديمي كتب خانه كراجي

### લિપિયાંતર

**"અન – ઉમ્મિલ – મોઅમેનીનસ – સિદ્દીકતા – રદીઅલ્લાહો – તઆલા અન્હા – કૌલહુ – સલ્લલ્લાહો – તઆલા – અલૈહે – વસલ્લમા ફુલૂ – વદ – દખેરૂ – વ – તસદ્દકૂ"**

( <u>હવાલો</u> : સહીહ મુસ્લિમ શરીફ, કિતાબુલ અદાહી, જિલ્દ નં.૨, સફા નં. ૧૫૮, પ્રકાશક : કદીમી કુતુબખાના, કરાંચી)

### અનુવાદ

" ઉમ્મુલ મોઅમેનીન હઝરત આએશા સિદ્દીકા રદીઅલ્લાહો – તઆલા અન્હાથી રિવાયત છે કે હુઝુરે અકદસ સલ્લલ્લાહો તઆલા અલૈહે વસલ્લમનું ફરમાન છે કે (૧) ખાઓ (૨) સાચવો અને (૩) સદકો કરો"

આ હદીષથી કદાચ કોઈ વ્યકિત એવી દલીલ કરે કે હદીષમાં 'સદકો' કરવાનું ફરમાન છે.

તેનો જવાબ એ છે કે ચારેય ઈમામો તથા મિલ્લતે ઈસ્લામીયાના મહાન ઔલોમાએ કિરામ એ વાત ઉપર સર્વ સમંત છે કે આ હદીષમાં 'સદકો' કરવાનું જે ફરમાન છે, તેનાથી મુરાદ ખાસ સદકો એટલે કે સદક—એ—વાજેબા નથી બલ્કે સામાન્ય રીતે દરેક નેક કામ મુરાદ છે.

www.Markazahlesunnat.com

એક મહત્વની બાબત પણ લક્ષને પાત્ર છે કે જો કુરબાનીના જાનવરના ચામડાને સદકો કરવો વાજીબ ગણવામાં આવશે તો કુરબાનીના જાનવરના ગોશ્ત (માંસ)ને પણ સમાન કક્ષ ગણીને સદકો કરી દેવું વાજીબ ગણવામાં આવશે પણ વાસ્તવિકતા તેનાથી વિપરિત છે કેમકે કુરબાનીના ગોશ્ત સંબંધે કુરઆને મજીદ અને હદીષ શરીફમાં ચોખ્ખા શબ્દોમાં જમવા અને જમાડવા (ખિલાના)નો હુકમ છે. જેમ કેઃ–

**આયત-શરીફ**

"فَإِذَا وَجَبَتْ جُنُوبُهَا فَكُلُوا مِنْهَا وَأَطْعِمُوا الْقَانِعَ وَالْمُعْتَرَّ"

بارہ 17 . سورہ الحج . آیت 36

**લિપિયાંતર**

" ફ – ઈઝા – વજબત – જુનુબોહા – ફ – કુલુ – મિન્હા – વ – અત્એમૂલ – કાનેઆ – વલ – મોઅતર્રા "

(પારા ૧૭, સુરએ અલ હજ્જ, આયત નં. ૩૬)

**અનુવાદ**

"પછી જ્યારે તેઓ (જાનવરો)ની ગરદનો પડી જાય, તો તેમાંથી ખૂદ ખાઓ અને સબ્ર કરીને બેસનારાઓ તથા ભીખ માંગનારાઓને ખવડાવો' (કન્ઝુલ ઈમાન)"

**હદીષ શરીફ**

હઝરત સલ્મા બિન અકવઅ રદીઅલ્લાહો તઆલા અન્હાથી રિવાયત છે કે હુઝુરે અકદસ રહમતે આલમ સલ્લલ્લાહો તઆલા અલૈહે વસલ્લમ ઈર્શાદ ફરમાવે છે કેઃ–



(كُلُوا وَأَطْعِمُوا وَادَّخِرُوا)

**લિપિયાંતર**

'કુલૂ–વ–અત્એમૂ–વદ–દખેરૂ'

**અનુવાદ**

" ખાઓ, ખવડાવો અને ભેગું કરો "

(હવાલોઃ– બુખારી શરીફ, જિલ્દ નં. ૨, સફા નં. ૮૩૫)

આ હદીષ શરીફને અનુરૂપ અન્ય એક હદીષ હઝરત બરીદા અને હઝરત અબૂસઈદ ખુદરી રદીઅલ્લાહો તઆલા અન્હોથી પણ રિવાયત કરવામાં આવી છે.

▣ **<u>સદકાના પ્રકારો :</u>**

સદકાના બે (૨) પ્રકારો છે (૧) સદક–એ– વાજેબા
(૨) સદક–એ– નાફેલા

▣ **<u>સદક–એ–વાજેબા :</u>**

ફિકહ ની મશહૂર કિતાબ "ફત્હુલ કદીર" માં છે કે :–

الصَّدَقَةُ يَجِبُ فِيهِ التَّمْلِيكُ

**લિપિયાંતર**

"અસ્સદકતો–યજેબો–ફીહીત–તમ્લીકો"

**અનુવાદ**

સદકામાં 'તમ્લીક' વાજીબ છે.

www.Markazahlesunnat.com

<u>હવાલા માટે :</u> જામઉર–રૂમુસ, મુસન્નિફઃ– અલ્લામાં શમ્સુદ્દીન કહસ્તાની, વફાત સ.હી. ૯૬૨, કિતાબુઝઝકાત, ફસ્લઃ– મસ્રફે ઝકાત, જિલ્દ નં. ૨, સફા નં. ૩૩૭ અને ૩૩૮, પ્રકાશકઃ– મકતબા ઈસ્લામીયા, ગુબંદે કામૂસ – ઈરાન

ઉપરોક્ત ઈબારતમાં સદકા માટે **'તમ્લીક'** વાજીબ ઠરાવવામાં આવી છે. હવે આપણે તમ્લીકનો અર્થ શબ્દ કોષથી જોઈએં.

تَمْلِيكْ = Cession, Assignment, Conveyance, Occupancy, Possession, Acquisition.

(હવાલો : "અલ–કામૂસ" અરબી–અંગ્રેજી ડીક્ષનેરી પેઈજ નં. ૨૬૦)

ઉપરોક્ત અંગ્રેજી શબ્દોનો ગુજરાતી અનુવાદ સામુહિક રીતે નીચે મુજબ થશે.

અર્પણ, તબ્દીલ કરવું, ભાગ તરીકે દેવું, કબ્જો આપવો, માલિકીની વસ્તુના બધા અધિકાર અન્યને આપી દેવા, સંપાદન કરવું વિગેરે.

(હવાલા માટે જુઓઃ– Gala's Advanced Dictionary by:- Navneet Publication (I) Ltd.)

ટુંકમાં ફકત એટલું કે 'સદક–એ–વાજેબા'ને સંપુર્ણરીતે અદા કરવા માટે ઝરૂરી છે કે જેને સદકાની રકમ અથવા વસ્તુ આપવામાં આવતી હોય, તેને તે રકમ અથવા વસ્તુનો માલિક બનાવી દઈને તેને તેનો કબ્જો સુપ્રદ કરી દેવો જોઈએં.

### ▣ <u>સદક–એ– નાફેલાઃ–</u>

સદક–એ– નાફેલામાં 'તમ્લીક' એટલે કે કોઈને પણ માલિક બનાવી દેવું ઝરૂરી નથી. બલ્કે સવાબના દરેક કામને સદક–એ– નાફેલામાં આવરી



લેવાશે. દાખલા તરીકે કોઈને જમાડી દેવું, પાણી પીવડાવવું, પોતાના પરિવાર ઉપર માલ ખર્ચ કરવું, મુસાફિર ખાના, પુલ, કુવા, મદ્રેસા, મસ્જીદો વિગેરે લોકોના લાભાર્થે કામો કરવા. તેનો લાભ અમીર અને ગરીબ બન્ને વર્ગના લોકો લઈ શકે છે અને તેવો લાભ લેવો અમીર અને ગરીબ બન્ને માટે શરઅન જાઈઝ છે.

### ▣ <u>ઝરૂરી ખુલાસો :</u>

સામાન્ય રીતે લોકોમાં એવી માન્યતા પ્રચલિત છે કે સદકાને લોકો 'સદક–એ–વાજેબા'ની કક્ષામાં જ ગણે છે અને તેના માટે 'તમ્લીક' એટલે કે માલિક બનાવી દેવાની વિધીને અનિવાર્ય સમઝે છે. ઉપરાંત, સદકો લેવાનો હકદાર ગરીબ જ હોવો જોઈએં. તેવો આગ્રહ રાખે છે, બલ્કે તેવી માન્યતા રાખે છે.

◉ નિઃશંક, સદક–એ–વાજેબા કે જેને 'સદક–એ– ખાસ્સા' પણ કહેવામાં આવે છે તે ફકત ગરીબને જ આપી શકાય અને તેમાં 'તમ્લીક' ઝરૂરી છે.

પણ....

◉ સદક–એ–નાફેલા કે જે સામાન્ય રીતે સમગ્ર લોકોના લાભ માટે 'આમ' એટલે કે પ્રચલિત કરવામાં આવે છે, તેનો લાભ અમીર–ગરીબ દરેક વર્ગના લોકો લઈ શકે છે અને તેવા સદક–એ–નાફેલામાં તમ્લીક ઝરૂરી નથી.

હદીષ શરીફમાં સમગ્ર લોકોના લાભાર્થે કરવામાં આવતા સેવાકીય નેક કામોને 'સદકા' તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યા છે.

**હદીષ શરીફ**

حَدَّثَنَا مُحَمَّدُ بْنُ كَثِيْرٍ ، أَخْبَرَنَا إِسْرَائِيْلُ عَنْ أَبِيْ إِسْحَاق
عَنْ رَجُلٍ عَنْ سَعْدِ بْنِ عُبَادَةَ رَضِيَ اللهُ تَعَالَى عَنْهُ أَنَّهُ قَالَ :
يَا رَسُوْلَ اللهِ أَنَّ أُمَّ سَعْدٍ مَاتَتْ فَأَيُّ الصَّدَقَةُ أَفْضَلُ ؟ قَالَ :
الْمَاءُ . قَالَ : فَحَفَرَ بِئْراً ، وَقَالَ : هٰذِهٖ لِأُمِّ سَعْدٍ .

www.Markazahlesunnat.com

حواله : سنن أبي داؤد . تأليف : امام سليمان بن أشعث بن شداد أبي داؤد
المتوفى سنة 275 هـ . جلد نمبر 1 . ص : 289 . حديث نمبر : 1683
. ناشر : جمعية المكنز الإسلامي . قاهرة . مصر

**લિપિયાંતર**

"હદ્દષના – મુહમ્મદુબ્નો – કષીરિન – અખ્બરના – ઈસ્રાઈલો – અન – અબી – ઈસ્હાકા – અન – રજુલિન – અન સઅદિબ્ને – ઉબાદતા – અન્નહુ – કાલા – યા રસુલલ્લાહે – ઈન્ના – ઉમ્મા – સઅદિન – માતત – ફ – અય્યુસ – સદકતો – અફઝલો – કાલા – અલ – માઓ ▣ કાલા – ફ – હફરા – બિઅરન – વ – કાલા – હાઝેહિ– લે – ઉમ્મે – સઅદિન"

(<u>હવાલો</u> : સુનને અબી દાઉદ, સંપાદક : ઈમામ સુલેમાન ઈબ્ને અશઅષ બિન શદાદ અબી દાઉદ, વફાત સ.હિ. ૨૭૫, જિલ્દ નં. ૧, સફા નં. ૨૮૯, હદીષ નં. ૧૬૮૩, પ્રકાશકઃ– જમીઅતુલ મકનઝુલ ઈસ્લામી, કાહેરા – મિસર)

**અનુવાદ**

" હુઝુરે અકદસ રહમતે આલમ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમની ખિદમતમાં હઝરત સઅદ ઈબ્ને ઉબાદા હાઝીર થયા અને અર્ઝ કરી કે યા રસુલલ્લાહ (સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ) મારી વાલેદા (માં)નો ઈન્તેકાલ થઈ ગયો છે, તો કયો સદકો તેણીને ફાયદો પહોંચાડશે? હુઝુરે અકદસે ફરમાવ્યું કે પાણી દ્વારા લોકોને તૃપ્ત કરવું. હઝરત સઅદે એક કુવો ખોદાવ્યો અને ઐલાન કર્યું કે આ કુવો સઅદની માં માટે છે"

ઉપરોક્ત હદીષમાં લોકોને પાણી દ્વારા તૃપ્ત કરવાના નેક કામને સદકો કહેવામાં આવ્યું છે અને કુવાના પાણીનો લાભ અમીર–ગરીબ બધા લેશે.



**હદીષ શરીફ**

وَرَوَى اِبْنُ مَاجَةَ عَنْ الْمِقْدَامِ بْنِ مَعْدِيْكَرِبَ الزُّبَيْدِيِّ عَنْ رَسُوْلِ اللهِ ﷺ قَالَ : مَا كَسَبَ الرَّجُلُ كَسَبًا أَطْيَبَ مِنْ عَمَلِ يَدِهٖ وَمَا أَنْفَقَ الرَّجُلُ عَلَى نَفْسِهٖ وَأَهْلِهٖ وَوَلَدِهٖ وَخَادِمِهٖ فَهُوَ صَدَقَةٌ .

حواله : سنن ابن ماجه . تأليف : امام محمد بن يزيد بن ماجه قزويني
المتوفى سنة 273 هـ . كتاب التجارات . باب نمبر 1 . ص : 311 .
حديث نمبر : 2221 . ناشر : جمعية المكنز الإسلامي . قاهرة . مصر

**લિપિયાંતર**

"રવા – ઈબ્નો – માજા – અનિલ – મિકદામિબને – મઅદીકર્બલ – ઝુબૈદી – અન– રસૂલિલ્લાહે – સલ્લલ્લાહો – તઆલા – અલૈહે – વસલ્લમા – કાલા – મા – કસબર – રજુલો – કસ્બન – અતયબા – મિન – અમલે – યદેહિ – વ – મા – અન્ફકર – રજુલો – અલા – નફસેહિ – વ– અહલેહિ – વ – વલદેહિ – વ – ખાદેમેહિ – ફ – હુવા – સદકતુન"

(<u>હવાલો</u> : સુનને ઈબ્ને માજા, સંપાદકઃ– મુહમ્મદ ઈબ્ને યઝીદ, ઈબ્ને માજા કઝવીની, વફાત સ.હિ. ૨૭૩, કિતાબુત તિજારાત, બાબ નં. ૧, હદીષ નં. ૨૨૨૧, પેઈજ નં. ૩૧૧)

**અનુવાદ**

" ઈબ્ને માજા એ હઝરત મિકદામ ઈબ્ને મઅદીકર્બ ઝુબૈદીથી રિવાયત કરી કે હુઝુરે અકદસ સલ્લલ્લાહો તઆલા અલૈહે વસલ્લમ ઈર્શાદ ફરમાવે છે કેઃ–

www.Markazahlesunnat.com

જે શખ્સે પોતાના હાથથી કમાવેલી રોઝીથી બહેતર કોઈ રોઝી નથી અને જે શખ્સ પોતાની ઉપર, પોતાના પરિવારના સભ્યો ઉપર, પોતાના સંતાનો અને પોતાના સેવકો ઉપર જે કંઈપણ ખર્ચ કરે છે, તે સદકો છે"

આવી તો અનેક હદીષોથી હદીષની કિતાબો છલકાઈ રહી છે, જે બધી હદીષોની અરબી ઈબારતો અહીં પ્રસ્તુત કરવી લખાણની લંબાઈ મર્યાદાને લક્ષમાં રાખીને રજુ કરવી શકય નથી. જેથી તે હદીષોના ગુજરાતી અનુવાદો અને હવાલાઓ અત્રે રજુ છે.

## હદીષ શરીફ

**"હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ ઈર્શાદ ફરમાવે છે કે જે શખ્સે જે કંઈ પણ ખાધું, તે પણ સદકો છે"**

( હવાલો : અલ– મોઅજમે કબીર, સંપાદકઃ– અબુલ કાસિમ સુલેમાન ઈબ્ને અહમદ બિન એૈયુબ તિબ્રાની, વફાત સ.હિ. ૩૬૦, ભાગ ૨૦, હદીષ નં. ૬૩૪, પેઈન નં. ૨૬૮)

## હદીષો

ઈમામ અહમદ, ઈમામ મુસ્લિમ અને ઈમામ બુખારી હઝરત અબૂ હુરૈરા રદીઅલ્લાહો તઆલા અન્હોથી રિવાયત કરે છે કેઃ–

હુઝૂરે અકદસ, રહેમતે આલમ સલ્લલ્લાહો તઆલા અલૈહે વસલ્લમ ઈર્શાદ ફરમાવે છે કેઃ–

- બે (૨) વ્યકિતઓ વચ્ચે સુલેહ (સમાધાન) કરાવી દેવી સદકો છે.
- કોઈ વ્યકિતને જાનવર ઉપર સવાર થવામાં મદદ કરવી સદકો છે.
- કોઈ વ્યકિતનો સામાન તેની સવારી ઉપર ચડાવી દેવું સદકો છે.
- સારી વાત કહેવી સદકો છે.
- કોઈને રસ્તો બતાવવો સદકો છે.



- રસ્તા માં પડેલો કચરો / અડચણ દૂર કરવો સદકો છે.
- એકલા નમાઝ પઢનારા સાથે ભળી જઈને જમાઅતની સાથે નમાઝ અદા કરવી સદકો છે.
- મસ્જિદની તરફ આગળ વધનારો દરેક કદમ સદકો છે.
- દરેક તકબીર અને દરેક નેકી સદકો છે.

(<u>સામુહિક હવાલા :</u> )

(૧) સુનને અબૂદાઉદ, જીલ્દ નં. ૧, સફા નં. ૮૫

(૨) જામેઅ તિરમિઝી, જીલ્દ નં. ૧, સફા નં. ૩૦

(૩) સહીહ બુખારી શરીફ, જીલ્દ નં. ૧, સફા નં. ૪૧૯

(૪) સહીહ મુસ્લિમ શરીફ, જીલ્દ નં. ૧, સફાનં. ૩૨૫

(૫) મુસ્નદે અહમદ બિન હંબલ, જિલ્દ નં.૨, સફા નં. ૩૧૬

(૬) સુનને ઈબ્ને માજા, સફા નં. ૧૯૭

અહી સુધીના વાંચનથી એ વાત પુરવાર થઈ ગઈ કે નફલ અને નૈકીના અનેક કામોને હદીષમાં સદકો કહેવામાં આવ્યું છે. આવા સદક–એ–નાફેલામાં તમ્લીક એટલે કે માલિક બનાવી દેવાની કોઈ શર્ત નથી. ઉપરાંત, કુરબાનીનું ચામડું હરગીઝ સદક–એ–વાજેબા નથી બલ્કે સદક–એ–નાફેલા છે. જેથી તેમાં માલિક બનાવવું ઝરૂરી નથી, જેથી કુરબાની નું ચામડું કોઈપણ જાતના સંકોચ વગર મસ્જિદમાં આપી શકાય છે. પછી તે ચામડું જ મસ્જિદને આપી દે અથવા ચામડાની રકમ મસ્જિદમાં આપવાની નિય્યતથી ચામડું વેચાણ કરીને ઉપજેલી રકમને મસ્જિદમાં આપી દે, આ બન્ને પ્રકારે આપવું નિઃશંક જાઈઝ છે. કેમ કે ઉપરોકત બન્ને રીતે મસ્જિદમાં ચામડું આપવાથી કુરબાની કરવાનો મૂળ આશય જળવાઈ રહે છે. કુરબાની કરવાનો મૂળ આશય જાનવરને હલાલ કરી તેનું લોહી વહેવડાવી અલ્લાહ તઆલાની નઝદીકી અને ખુશનુદી હાંસિલ કરવી છે.

અમુક ના–સમઝ લોકો કુરઆન અને હદીષનો સાચો ભાવાર્થ સમજવાથી લાચાર છે, જેથી તેઓ પોતાના દિમાગમાં ઉદભવી રહેલા જેહાલતના તરંગોને અનૂસરીને આડેધડ અને અજ્ઞાનતા ભર્યા ફત્વા આપે છે અને મુસ્લિમો વચ્ચે વિવાદ અને વિખવાદ જગાડી મુસ્લિમોની એકતા ખંડિત કરવાની ચેષ્ટાઓ કરે છે. મુસ્લિમો આવા ફિત્ના પરવર લોકોના મનઘડત ફત્વાઓ પ્રત્યે સદંતર લક્ષ ન આપે અને હમેંશા ઓલમા–એ–હક, ઓલમા–એ–એહલે સુન્નત નો સંપર્ક સાધી વાસ્તવિકતા અને સત્યતાના પ્રકાશમાં હિદાયતનો માર્ગ પકડી રાખે.

ખુદા એ તઆલા બહેતર જાણકાર છે.

પોરબંદર
તા. ૧૩ ઝિલહિજ્જહ સ.હિ. ૧૪૨૯
પ્રમાણે
૧૨–૧૨– ૨૦૦૮ યવમલ – જુમ્આ

ખાનકાહે બરકાતિયા–મારેહરા શરીફ
તથા
ખાનકાહે રઝવિયા–બરૈલી શરીફનો
અદના સવાલી
**અ. સત્તાર હમદાની**
**'મસ્રૂફ'(બરકાતી–નૂરી)**

કામ વો લે લિજીયે તુમ કો જો રાઝી કરે ● ઠીક હો નામે 'રઝા', તુમ પે કરોડો દુરૂદ



**મનો–દસ્તો–**
**દામાને–**
**અહમદ રઝા**

(સ. હિ. ૧૩૮૭)

અલ ફકીર : **અબ્દુસ્સત્તાર હમદાની 'મસ્રૂફ' (બરકાતી–નૂરી)**

www.Markazahlesunnat.com